રજૂ તારીખ : ૦૫/૦૩/૨૦૨૫
દાખલ તારીખ : ૦૫/૦૩/૨૦૨૫
નિકાલ તારીખ : ૨૩/૦૩/૨૦૨૫
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૧૮

**ભાવનગરના મે. ત્રીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.ભાવનગર.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૪૨૬/૨૦૨૬**

આંક : ૬

અરજદાર :– **દિપકભાઈ વેલજીભાઈ બારૈયા,**
ઉ.વ.આ. ૪૨, ધંધો–કોમ્પ્યુટર સહાયક,
રહે. ગામ હાથબ, જિ. ભાવનગર.
(હાલ– જયુડીશ્યલ કસ્ટડી, જિલ્લા જેલ, ભાવનગર.)

**– : વિરૂધ્ધ : –**

સામાવાળા :– **શ્રી સરકાર**

**બાબત : બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

અરજદારો તરફે : વિ.વ.શ્રી પી.કે.ગોહેલ.
સામાવાળા તરફે : વિ.એ.પી.પી.શ્રી વી.જી.માંડલીયા.

**:: જજમેન્ટ ::**

(૧) અરજદાર/આરોપીએ એ.સી.બી. પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૧/૨૦૨૬ થી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ (એમેન્ડમેન્ટ–૨૦૧૮) ની કલમ ૭(એ) તથા ૧૩(૨) મુજબના નોંધાયેલ ગુનાના કામે રેગ્યુલર જામીન પર મુકત થવા માટે બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ હેઠળ હાલની અરજી કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી વી.જી.માંડલીયા તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે.

અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી વી.જી.માંડલીયા તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી પી.કે.ગોહેલની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ આક્ષેપિત કોઈ ગુન્હો કરેલ નથી અને ખોટી રીતે સદર ગુન્હાના કામે સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી નિર્દોષ છે. તેમજ ખરી હકીકતે આ કામના અરજદાર/આરોપી ધ્વારા ફરિયાદી પાસે મેરેજ સર્ટી. કાઢી આપવા માટે કહેવાતી લાંચની રકમ માંગી હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાઈ આવતી નથી. ફરિયાદમાં જણાવ્યા મુજબ કહેવાતી લાંચની રકમ રૂા.૨૦૦/- ની માંગણી કરેલાના આક્ષેપો છે પરંતુ ખરી હકીકતે રૂા.૨૦૦/- ફરિયાદીએ અરજદાર/આરોપીને આપેલ હોય તેવું બનેલ નથી. પરંતુ, ફરિયાદીએ મેરેજ સર્ટીફીકેટ મેળવવા માટે કાયદેસરની રૂા.૧૫/- ની ચુકવણી પેટે અરજદાર/આરોપીને રૂા.૧૦૦/- આપેલા અને અરજદાર/આરોપીએ તેની કાયદેસરની રૂા.૧૫/-ની પહોંચ આપેલ જે સરકારી ફી'ની વસુલાત માટેના હતા અને મેરેજ સર્ટીફીકેટ તથા બીજા ડોકયુમેન્ટ કલર તથા બ્લેક એન્ડ વ્હાઈટ પ્રિન્ટ વિગેરે ચાર્જ પેટે વસુલ કરતા બાકી રહેતા રૂા.૩૦/- પૈકીના રૂા.૨૦/- અરજદાર/આરોપીએ ફરિયાદીને ચુકવી આપેલ અને બાકી રહેતા રૂા.૧૦/- છુટા ન હોય, ફરિયાદી ધ્વારા અરજદાર/આરોપીને ''છુટા ન હોય તો ચાલશે તેમ જણાવેલ છે.'' આ પ્રકારે અરજદાર/આરોપીએ કહેવાતી લાંચની રકમ રૂા.૫૫/- વધુ રાખી લીધેલ હોવાની સમગ્ર હકીકત ઉપજાવી કાઢેલ છે અને આ કામના અરજદાર/આરોપીએ લાંજની રકમ રૂા.૨૦૦/- ની કો માંગણી કરેલ હોય કે આવી કોઈ રકમ સ્વીકારેલ હોય તેવું બનેલ નથી. આમ, અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ નથી. અરજદાર/આરોપી સામે આક્ષેપિત ગુન્હાના કામે વધુમાં વધુ ૧૦ વર્ષની સજાની જોગવાઈ છે, આજીવન કેદ કે દેહાંતદંડની સજાની કોઈ જોગવાઈ નથી. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં ન આવે તો પ્રિ-ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. અરજદાર/આરોપી કોઈ ગુન્હાહિત ભુતકાળ

ધરાવતા નથી. તેમજ તેમની ફરજ નિષ્ઠપૂર્વક બજાવતા આવેલ છે.અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે. તેઓ ઉપર તેમના પરિવારની જવાબદારી છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. અરજદાર/આરોપી પાસેથી કોઈ રીકવરી ડિસ્કવરી બાકી રહેતી નથી. અરજદાર/આરોપીને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ-ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. અરજદાર/આરોપી તપાસના કામે પુરતો સાથ સહકાર આપવા તથા નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી છે. તે તમામ સંજોગોમાં અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે. તેમજ અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ તેમની દલીલોના સમર્થનમાં (1) 2010 (0) AIJEL-SC 49182, Siddharam Satlingappa Mhetre Vs. State of Maharashtra, (2) 2011 (0) AIJEL-SC 50709, Sanjay Chandra Vs. CBI (3) 2006 (0) AIJEL-SC 37215, Babanrao Tukaram Ranjane Vs. State of Maharashtra (4) 2007 (0) AIJEL-HC 219671, Laxmiben C. Solanki Vs. State of Gujarat (5) 2014 (0) AIJEL-SC 55145 B. Jayaraj Vs. State of Andhra Pradesh, (6) 2023 (0) AIJEL-SC 70625, Neeraj Dutta Vs. State (Govt. of N.C.T. of Delhi) ના ચુકાદાઓ રજુ કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી વી.જી.માંડલીયા દલીલ કરી જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ (એમેન્ડમેન્ટ-૨૦૧૮) ની કલમ ૭(એ) તથા ૧૩(૨) મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. અરજદાર/આરોપીએ ડીમાન્ડ કરેલ છે અને લાંચની રકમની સદર ગુન્હાના કામે રીકવરી થયેલ છે. અરજદાર/ આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સાક્ષીઓને ધાક-ધમકી આપી ફેરવવાની કોશીશ કરે તેવી પુરેપુરી શકયતા છે. તેમજ ટ્રાયલ સમયે હાજરી સુનિશ્ચિત કરી શકાય તેમ નથી. તેમજ જો આ પ્રકારના ગંભીર ગુન્હામાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત

કરવામાં આવે તો સમાજમાં તેની અવળી અસર પડે તેમ છે. તે તમામ હકીકતો અને અરજદાર/આરોપી સામેના ગુન્હાની હકીકત, ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. ઉભયપક્ષના વિ.વ.શ્રીઓની રજુઆતો ધ્યાને લીધી. તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધુ. અરજદાર/આરોપી તરફે આંક-૩ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. તેમજ અરજદાર/આરોપી તરફે તેમના દલીલના સમર્થનમાં રજુ કરવામાં આવેલ (1) 2010 (0) AIJEL-SC 49182, Siddharam Satlingappa Mhetre Vs. State of Maharashtra, (2) 2011 (0) AIJEL-SC 50709, Sanjay Chandra Vs. CBI (3) 2006 (0) AIJEL-SC 37215, Babanrao Tukaram Ranjane Vs. State of Maharashtra (4) 2007 (0) AIJEL-HC 219671, Laxmiben C. Solanki Vs. State of Gujarat (5) 2014 (0) AIJEL-SC 55145 B. Jayaraj Vs. State of Andhra Pradesh, (6) 2023 (0) AIJEL-SC 70625, Neeraj Dutta Vs. State (Govt. of N.C.T. of Delhi) ના ચુકાદાઓ માનસહ વંચાણે અને ધ્યાને લીધા. રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના અરજદાર/આરોપી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ (એમેન્ડમેન્ટ-૨૦૧૮) ની કલમ ૭(એ) તથા ૧૩(૨) મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. આ કામે ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપીએ લાંચના છટકા દરમિયાન ફરિયાદી પાસેથી રૂા.૭૦/- ની માંગણી કરી, રૂા.૧૦૦/- સ્વિકારેલ અને તે પૈકી લગ્ન નોંધણીની ફી રૂા.૧૫/- ની પહોંચ આપી અને બાકીના રૂા.૩૦/- પરત આપવાનું જણાવેલ પરંતુ રૂા.૨૦/- જ છુટા હોય, જેથી ફરિયાદીએ રૂા.૧૦/- ન હોય તો ચાલશે તેમ જણાવતા કુલ રૂા.૫૫/- ની લાંચ સ્વીકારી ગુન્હો કરેલ હોવાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. તેમજ આક્ષેપિત ગુન્હાના કામે સજાની જોગવાઈ મુજબ વધુમાં વધુ ૧૦ વર્ષની સજાની જોગવાઈ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. વધુમાં, આ કામે આરોપીપક્ષ તર્ફે હાલના ગુન્હાના કામે ફરિયાદી તથા પોલીસ તપાસના પેપર્સ આધારિત કોઈ

ડીમાન્ડ કે રીકવરી સાબિત થતી નહીં હોવાની તથા અરજદાર/ આરોપીએ આક્ષેપિત કોઈ ગુન્હાહિત કૃત્ય કરેલ નહીં હોવાની રજુઆત કરેલ છે  પરંતુ તે પુરાવાનો વિષય હોય હાલ જામીન અરજીના તબકકે તે અંગે વિશેષ કોઈ ચર્ચા કરવી ઉચિત જણાતુ નથી. વધુમાં, સદર ગુન્હો સામાજીક દુષણ ભ્રષ્ટાચાર અંગેનો હોય અને દેશના અર્થતંત્રને પણ  નુકશાનકર્તા છે તે સંજોગોમાં આવા  ગંભીર પ્રકારના ગુન્હામાં અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર પડે તેમ છે. તેમજ આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ફરિયાદપક્ષના હિતને પણ ધ્યાને લેવાનું રહે છે. વધુમાં, વિ.એ.પી.પી.શ્રી દ્વારા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સાક્ષીઓને ધાક–ધમકી તથા લાલચ પ્રલોભન આપી તોડવા ફોડવા પ્રયત્ન કરે અને પુરાવા સાથે ચેડા કરે તેમ હોવાની અને ટ્રાયલ દરમિયાન હાજરી સુનિશ્ચિત કરી શકાય તેમ ન હોવાની જે દલીલ કરવામાં આવેલ છે તે હાલના તબકકે નજરઅંદાજ કરી શકાય તેમ નથી. તે તમામ સંજોગોમાં, હાલના તબકકે આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અંગેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ અરજદાર/આરોપીની તરફેણમાં કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**–: હુકમ :–**

– અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન પર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨૩'મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૨૩/૦૩/૨૦૨૬

**(હેતલ સુરેશચંદ્ર દવે)**
ત્રીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik